# ગુજરાત સમાન નાગરિક સંહિતા વિધેયક-૨૦૨૬ રજૂકરી મુખ્યમંત્રીશ્રીએ મહિલાઓને અભેદ્ય સુરક્ષા કવચ આપ્યું

**આ વિધેયકમાં લગ્ન, છૂટાછેડા, લીવ-ઇન સંબધો અને વારસાગત મિલકતમાં મહિલાઓને અભૂતપૂર્વ કાયદાકીય રક્ષણ આપવામાં આવ્યું.**



## ચૈત્રી નવરાત્રીનાં મધ્યમાં આ વિધેયક પસાર થયા પછી ગુજરાતની તમામ નારી કહી શકશે કે, ‘હું એક નારી છું. આધુનિક સમયની નારી છું. હું અબળા કે શક્તિહીન નથી. હું આદ્યશક્તિ છું, હું અંબિકા છુ!’

કમલમ્,

નાણાકિયવર્ષનાં અંતિમ મહિનામાં (માર્ચ) જ્યારે લોકો આખા વર્ષનાં હિસાબનું સરવૈયુ કાઢવામાં વ્યસ્ત હતા ત્યારે મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ગુજરાત સમાન નાગરિક સંહિતા વિધેયક-૨૦૨૬ વિધાનસભામાં રજૂકરી મહિલાઓનું જુનુ ઋણ ચૂકવી, મહિલાઓનાં જીવનમાંથી અસામનતાની બાદબાકી કરી, સમાનતાનો હિસાબ પુરો કરી દીધો. આ વિધાયક પસાર કરી સરકારે નારીઓના સન્માનને ઝંકૃત કરતા એક સંસ્કૃત શ્લોકનું સ્મરણ કરાવ્યુ. અર્થાત, જ્યાં નારીઓનું સન્માન થાય છે ત્યાં દેવતાઓ વાસ કરે છે અને જ્યાં નારીઓનું સન્માન થતું નથી ત્યાં તમામ કાર્યો નિષ્ફળ જાય છે,’’.

ગુજરાત સમાન નાગરિક સંહિતા વિધેયક-૨૦૨૬ પસાર કરી ગુજરાત સરકારે આ શ્લોકનેચરિતાર્થ કર્યોઅને કાયદાકીયરક્ષણ આપી નારીઓનુંઅભૂતપૂર્વ સન્માન કર્યુ. ગુજરાત વિધાનસભામાં મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ‘ગુજરાત સમાન નાગરિક સંહિતા વિધેયક-૨૦૨૬’ પસાર કરી રાજ્યની મહિલાને અભેદ્ય સુરક્ષા કવચ પુરુ પાડ્યુ છે અને મહિલાનાં જીવનનાં તમામ તબક્કામાં આ સરકાર તેમના હક્કો અને ગરિમાની રક્ષા કરે છે તેમજ આ સરકાર કોઈપણ જાતિ કે ધર્મનાં ભેદભાવ વગર તમામ મહિલાઓને કાનૂની રક્ષણ આપવા કટિબદ્ધ છે તેની પ્રતિતી કરાવી.

આ વિધેયક રજૂકરતી વખતે મુખ્યમંત્રીશ્રીએ ગુજરાત વિધાનસભામાં ગર્વથી કહ્યુ હતુ કે, ‘વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સરદાર સાહેબના એક અને અખંડ ભારતના સપનાને સાકાર કરવા “એક ભારત શ્રેષ્ઠ ભારત’’નો વિચાર આપ્યો છે એ ‘એક ભારત શ્રેષ્ઠ ભારત’ જ યુસીસી (યુનિફોર્મ સિવિલ કોડ)નું હાર્દ છે. જો દેશમાં સમાન કાયદા, વિકાસની સમાન તકો ન હોય તો આ ‘એક ભારત શ્રેષ્ઠ ભારત’ બને જ નહિ. હવે વિકસિત ભારત-૨૦૪૭ સુધીના આ અમૃતકાળમાં દેશને સમાનતાનુંઅમૃત યુસીસીથી આપવા વડાપ્રધાનશ્રીએ નિર્ધાર કર્યો છે,’’. આ વિધેયકમાં લગ્ન, છૂટાછેડા અને વારસાગત મિલકત જેવા મુદ્દાઓ પર તમામ ધર્મો અને સમુદાયો માટે, કોઈને પણ ક્યાંય અન્યાય ન થાય એ ધ્યાનમાં રાખીને, એક સમાન કાયદાકીય માળખું સૂચવવામાં આવ્યું છે. મુખ્યમંત્રી શ્રીએ ભારપૂર્વક કહ્યું હતું કે, ‘આ માત્ર એક કાયદાકીય પ્રક્રિયા નથી, પરંતુ સમાનતા, ન્યાય અનેએકતાના રાષ્ટ્રીય સંકલ્પને વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં વધુ મજબૂત બનાવવાનો આપણો મક્કમ નિર્ધાર છે,’’. આ વિધેયક થકી લગ્નનુંફરજિયાત રજિસ્ટ્રેશન, લિવ-ઈન સંબંધનું રજિસ્ટ્રેશન, છૂટાછેડા માટેના સમાન નિયમો, દીકરી કે દીકરો-બધાને સમાન વારસાગત હક અને આ જોગવાઈઓના પાલન માટે દંડની જોગવાઈ સાથે એનો કડક અમલ વગેરે આ બિલની મહત્વની જોગવાઈઓ છે. દરેક ધર્મ અને પરંપરા મુજબ થયેલા લગ્નની નોંધણી કરવાનું ફરજિયાત રહેશે અને નોંધણી ન કરવાથી દંડની જોગવાઈ રહેશે.

મહત્વની વાત એ છે કે, વિશ્વના અન્ય લોકતાંત્રિક દેશોમાં આ પ્રકારના કાયદાઓ અમલમાં છે તેનો અભ્યાસ કરીને આ વિધેયક માટે વ્યાપક દૃષ્ટિકોણ અપનાવવામાં આવ્યો છે. આ કાનૂનથી કોઈ ધાર્મિક વિધિઓ અને પરંપરાઓમાં હસ્તક્ષેપ કરવામાં નહીં આવે, પરંતુ સમાન સિવિલ કોડ માત્ર કાનૂની પાસાઓને નિયમિત કરે છે.

**★ગુજરાત સમાન નાગરિક સંહિતા-૨૦૨૬ની મહત્વની બાબતો★**

બંધારણનાં આર્ટિકલ ૪૪ મુજબ, રાજ્યએ તમામ નાગરિકો માટે એકસરખો નાગરિક કાયદો (UCC)લાવવાનો પ્રયત્ન કરવાની જે જોગવાઈઓ છે તેના અનુસંધાને ગુજરાત સમાન નાગરિક સંહિતા વિધેયક-૨૦૨૬ લાવ્યુ. સુપ્રીમ કોર્ટના વખતોવખતનાંચુકાદાઓમાં સમાન સિવિલ કોડની જરૂરિયાત પર ભાર મૂકવામાં આવ્યો છે.

**★ફરજિયાત લગ્ન નોંધણી અને સજા★**

આ વિધેયકમાં લગ્નનાં ૬૦ દિવસમાં નોંધણી ફરજિયાતની જોગવાઈ કરવામાં આવી છે; નોંધણી નકરાવવાથી રૂ.૧૦,૦૦૦ સુધીનો દંડ થઈ શકે છે. બળજબરી/ધાક-ધમકી/છેતરપિંડીથી લગ્ન કરવાના કિસ્સામાં ૭ વર્ષ સુધીની સજા તથા એકથી વધુ લગ્ન કરવાના કિસ્સામાં પણ ૭ વર્ષ સુધીની સજાની જોગવાઈ છે.

ફરજિયાત નોંધણીથી લગ્નને કાનૂની માન્યતા મળે છે, સ્ત્રીઓ તથા બાળકોના અધિકારોનું રક્ષણ થાય છે. ફરજિયાત નોંધણીથી વ્યક્તિની સાચી વૈવાહિક સ્થિતિ નોંધાય છે, જેના કારણે ખોટી માહિતી આપી છેતરપિંડીથી થતા લગ્નના કિસ્સાઓ નિવારી શકાય.

**★છૂટાછેડા-સમાનતા અને નિયંત્રણ★**

કોર્ટ દ્વારા છૂટાછેડા બાદ નોંધણી ફરજિયાત છે; કોર્ટ બહારના છૂટાછેડા અમાન્ય રહેશે. કોર્ટ બહારના છૂટાછેડા કરવાના કિસ્સામાં ૩ વર્ષ સુધીની સજા થઈ શકે છે, તેમજ સ્ત્રીને કોઈપણ શરતો વિના પુનઃલગ્નનો અધિકાર આપવામાં આવ્યો છે. ફરજિયાત નોંધણી અને કોર્ટ દ્વારા માન્ય છૂટાછેડા પ્રક્રિયાના કારણે છેતરપિંડી, ગેરકાયદેસર છૂટાછેડા અને ખોટી વૈવાહિક સ્થિતિ દર્શાવવાના કિસ્સાઓને અટકાવે છે, તેમજ ભવિષ્યના લગ્નોમાં પારદર્શકતા સુનિશ્ચિત કરે છે.

**★ભરણપોષણ અને વારસાગત અધિકારમાં સમાનતા★**

બધા ધર્મો માટે ભરણપોષણની સમાન જોગવાઈના કારણે મહિલાઓને વિશેષ સુરક્ષા મળે છે. આ ઉપરાંત, સમાન સિવિલ કોડમાં તમામ ધર્મોના પુત્ર અને પુત્રીને સમાન અધિકાર આપવામાં આવ્યો છે. પુત્ર અનેપુત્રીને સમાન કૌટુંબિક હક્કો આપવાથી લિંગ સમાનતા, સ્ત્રીઓની આર્થિકસુરક્ષા અને સમાજમાં ન્યાયી અને સમાન વ્યવસ્થા સ્થાપિત થશે.

**★લીવ-ઇન સંબધોનું નિયમન અને સજા★**

લીવ-ઈન સંબંધ માટે નોંધણી ફરજિયાત છે; નોંધણી ન કરાવવાથી ૩ મહિના સુધીની કેદ અથવા ૧૦,૦૦૦ દંડ થઈ શકે છે. જો સંબંધમાં રહેલા વ્યક્તિઓની ઉંમર ૧૮ થી ૨૧ વર્ષ વચ્ચે હોય, તો નોંધણીની જાણ તેમના માતા-પિતાને કરવામાં આવશે. બળજબરી/ધાક-ધમકી/છેતરપિંડીથી લીવ ઈન માટે સંમતિ લેવાના કિસ્સામાં કડક સજાની જોગવાઈ છે. તેમજ સગીર સાથે લીવ ઈન સંબંધમાં પોક્સો એક્ટ (POCSO Act) મુજબ સજાની જોગવાઈ છે, ઉપરાંત, પહેલાથી પરણિત હોવા છતાં લીવ-ઈન સંબંધમાં રહેનાર માટે પણ કડક સજાની જોગવાઈ છે.

**★લીવ-ઇન રિલેશનશીપમાં સ્ત્રીને કાનૂની રક્ષણ★**

- આ વિધેયકમાં સ્ત્રીને ભરણપોષણ અને બાળકને કાનૂની માન્યતા આપવામાં આવી છે.
- નોંધણીથી લીવ-ઈન સંબંધોને નિયમન કરવામાં મદદ મળશે.
- લીવ-ઈન પાર્ટનર દ્વારા ત્યાગ કરવામાં આવે ત્યારે મહિલાને ભરણપોષણ મળી શકે.
- લીવ-ઈન સંબંધમાંથી જન્મેલા બાળકોના ભરણપોષણ, ઓળખ અને વારસાના હકોનું વધુ સારી રીતે રક્ષણ થઈ શકે.

**★સમાન નાગરિક સંહિતા વિધેયક-૨૦૨૬ બનાવવા ઊંડાણપૂર્વકનો અભ્યાસ★**

યુનિફોર્મ સિવિલ કોડ માટે રચાયેલી સમિતિ દ્વારા વિવિધ કાયદાઓ,

### ગુજરાત સમાન નાગરિક સંહિતા વિધેયક-૨૦૨૬ થકી રાજ્યનાં નાગરિકોને “દાદા”નું સમાનતાનું નજરાણું

સુપ્રીમ કોર્ટ અને હાઈકોર્ટના વખતોવખતનાં ચુકાદાઓ અને ઉત્તરાખંડ રાજ્યના યુનિફોર્મ સિવિલ કોડ તથા વિશ્વના અન્ય દેશોના આ પ્રકારના મોડલ કાયદાઓનો પણ અભ્યાસ કરવામાં આવ્યો હતો અને આ બધાના નિષ્કર્ષરૂપે તૈયાર થયેલું યુસીસી બિલ, ૨૦૨૬ વિધાનસભામાં રજૂકરવામાં આવ્યુ હતું અને બહુમતીથી પસાર થયુ હતું.

**★સમાન નાગરિક સંહિતા-૨૦૨૬માં આ ચૂકાદાઓને ધ્યાનમાં લેવાયા★**

**ઐતિહાસિક ચુકાદા:**

- મોહમ્મદ અહમદ ખાન વિ. શાહબાનો બેગમ (૧૯૮૫).
- સરલા મુદગલ વિ. ભારત સરકાર (૧૯૯૫),
- શાયરા બાનો વિ. ભારત સરકાર અને અન્ય (૨૦૧૭),
- શબનમ હાશમી વિ. ભારત સરકાર (૨૦૧૪)
- મુમતાઝ આલમ વિ. ઉત્તરપ્રદેશ રાજ્ય (૨૦૨૩),
- એગ્નેસ વિ. રેજીના થોમસ (૨૦૧૦),
- માયરા વિ. ઉત્તરપ્રદેશ રાજ્ય (૨૦૨૧),
- અલિયા વિ. મધ્યપ્રદેશ રાજ્ય (૨૦૨૪)નો પણ અભ્યાસ કર્યો.

**• ભારતીય કાયદા:**

- હિન્દુ લગ્ન અધિનિયમ ૧૯૫૫,
- ભારતીય ખ્રિસ્તી લગ્ન અધિનિયમ ૧૮૭૨,
- પારસી લગ્ન અને છુટાછેડા અધિનિયમ ૧૯૩૬
- વિશિષ્ટ લગ્ન અધિનિયમ ૧૯૫૪,
- આનંદલગ્ન અધિનિયમ ૧૯૦૯,
- આર્ય લગ્ન માન્યતા અધિનિયમ ૧૯૩૭.
- મુસ્લિમ વ્યક્તિગત કાયદા (શરિયત) અમલ અધિનિયમ ૧૯૩૭,
- વિદેશી લગ્ન અધિનિયમ ૧૯૬૯,
- ભારતીય વારસા અધિનિયમ ૧૯૨૫,
- હિંદુ વારસા અધિનિયમ ૧૯૫૬,
- મુસ્લિમ લગ્ન વિસર્જન અધિનિયમ ૧૯૩૯.
- ખ્રિસ્તી છૂટાછેડા અધિનિયમ ૧૮૬૯,
- મહિલાઓનુ ઘરેલુ હિંસાથી રક્ષણ અધિનિયમ ૨૦૦૫,
- બાળ લગ્ન પ્રતિબંધ અધિનિયમ ૨૦૦૬,
- ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩, યુનિફોર્મ સિવિલ કોડ ઉત્તરાખંડ ૨૦૨૪નો અભ્યાસ.

**★ભારત ઉપરાંત વિશ્વનાં વિવિધ દેશોનાં કાયદાઓને પણ લક્ષ્યમાં લેવાયા**

**વૈશ્વિક મોડેલ**

- ફ્રેંચ સિવિલ કોડ (નેપોલિયન કોડ) ૧૮૦૪,
- જર્મની બર્ગરલિચેસ ગેસેટ્ઝબુચ (બ્ગ્બ) ૧૯૦૦,
- તુર્કી સિવિલ કોડ ૨૦૦૨,
- નેપાળ- રાષ્ટ્રીય નાગરિક (કોડ) અધિનિયમ ૨૦૧૭,
- અઝરબૈજાન પ્રજાસત્તાકના ફેમિલી કોડ ૧૯૯૯ પણ અભ્યાસ કર્યો

ગુજરાત સમાન નાગરિકસંહિતા વિધેયક-૨૦૨૬ પસાર થયા પછી રાજ્યની મહિલાઓ તેમનામાં રહેલી શક્તિનો અનુભવ કરી શકશે અને ગરીમાપૂર્ણ અને માંથુ ઊંચુ કરીને કહેશે કે, હું એક નારી છું. આધુનિક સમયની નારી છું. હું અબળા કે શક્તિહીન નથી. હું આદ્યશક્તિ છું, હું અંબિકા છુ!

# સ્પેક—એમ.બી.એ., બાકરોલમાં ઈન્ટરકલાસ વોલીબોલ ટૂર્નામેન્ટનું આયોજન

કમલમ્,

તિરૂપતિ ફાઉન્ડેશન ટ્રસ્ટ સંચાલિત સરદાર પટેલ એજ્યુકેશન કેમ્પસ (સ્પેક) સ્થિત સરદાર પટેલ કોલેજ ઓફ એડમિનિસ્ટ્રેશન એન્ડ મેનેજમેન્ટ (એમ.બી.એ.), બાકરોલમાં સ્પોર્ટ્સ સેલ અંતર્ગત ઈન્ટરક્લાસ વોલીબોલ ટૂર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યુ હતું.



આ કાર્યક્રમનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં રમતગમત પ્રત્યે ઉત્સાહ વધારવો, સહકાર અને ટીમ સ્પિરિટ વિકસાવવાનો તથા મેદાનની રમત રમવા પ્રોત્સાહન આપવાનો હતો. આ કાર્યક્રમનું આયોજન કોલેજના ડિરેક્ટર ડો. વિશાલ પાટીદાર, એચ.ઓ.ડી. તથા આઈ.ક્યુ.એ.સી. કો-ઓર્ડીનેટર પ્રો. નૈતિક રામી અને સ્પોર્ટ્સ સેલ કોઓર્ડીનેટર પ્રો. રણજીતસિંહ સોઢાના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. આ ટૂર્નામેન્ટમાં કુલ ૪ ટીમોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો અને વિદ્યાર્થીઓએ ઉત્તમ ટીમસ્પિરિટ સાથે રમતમાં ભાગ લીધો હતો. આ ટૂર્નામેન્ટમાં એમ.બી.એ. સેમેસ્ટર–2 (TATA) ટીમે વિજેતા બનીપ્રથમ સ્થાન મેળવ્યું હતું, જ્યારે એમ.બી.એ. સેમેસ્ટર–૪ ટીમ રનર્સ-અપ રહી હતી. આ સ્પર્ધા દરમિયાન મેચનું સંચાલન સ્પોર્ટ્સ કોચ શ્રી પરેશ યાદવ, શ્રી રાહુલ સિંહ અને શ્રી જિગર રહેવર ઉપસ્થિત રહી મેચને સફળતાપૂર્વક પૂર્ણ કરાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી.

સમગ્ર કાર્યક્રમ એમ.બી.એ. સ્ટાફગણ તથા વિદ્યાર્થી વોલન્ટિયર્સના સહયોગથી સુચારૂ રીતે સંપન્ન થયો હતો. આ સફળતા બદલ સંસ્થાના સેક્રેટરીશ્રી શીતલ પટેલ તેમજ તમામ ટ્રસ્ટીશ્રીઓ અને સ્પેક મેનેજમેન્ટ દ્વારા શુભેચ્છા પાઠવવામાં આવી હતી.

# કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન બીબીએ કોલેજના NSS યુનિટ માટે ગીર ફાઉન્ડેશન દ્વારા અરણ્ય પાર્ક ખાતે ત્રિદિવસીય પ્રકૃતિ શિબિર

**વિદ્યાર્થીઓમાં પ્રકૃતિની જાળવણી બાબતે સમજ કેળવી સમાજમાં જાગૃતિ લાવવા પોળો ફોરેસ્ટ ની પણ મુલાકાત**



## પ્રકૃતિની જાળવણી એ આપણી બંધારણીય ફરજ ની સમજ કેળવાઈ

કમલમ્,

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત તથા કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન ગાંધીનગર સ્થિત બીબીએ કોલેજના NSS યુનિટ દ્વારા ગીર ફાઉન્ડેશનના સહયોગથી અરણ્ય પાર્ક ખાતે ૨૫/૩/૨૦૨૬ થી ૨૭/૩/૨૦૨૬ દરમ્યાન ત્રિદિવસીય પ્રકૃતિ શિબિરનુંસફળ આયોજન કરવામાં આવ્યુ હતું. આ શિબિરનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં પ્રકૃતિ પ્રત્યે જાગૃતિ કેળવવાનો તથા પર્યાવરણ સંરક્ષણ માટે જવાબદારીની ભાવના વિકસાવવાનો હતો. આ શિબિરમાં કોલેજના ત્રણેય વર્ષના કુલ 50 NSS સ્વયંસેવકોએ ઉત્સાહપૂર્વકભાગ લીધો હતો. ડેપ્યુટી ડાયરેક્ટર અભિષેક કુમાર ના માર્ગદર્શનમાં ગીર ફાઉન્ડેશન માં કાર્યરત એજ્યુકેશન ઓફિસર શ્રી આલાપભાઈ પંડિત અને સહયોગી ટીમ આશિષ ખૂંટી, સુખદેવ યાદવ તેમજ અરણ્ય ઉદ્યાન માં ફરજ નિયુક્ત વન રક્ષક શ્રી તુષારભાઈ રાવત દ્વારા સ્થળ શિબિર નું આયોજન કરવા માં આવ્યું હતુ જેમાં વડોદરા થી આવેલ નેચર એજ્યુકેટર નિલેશ ભાઈ પાંડોર દ્વારા પ્રકૃતિ શિક્ષણ શિબિરમાં આવેલ શિબિરાર્થીઓને તાલીમ આપવા માં આવી હતી. વિદ્યાર્થીઓને પ્રકૃતિનું મહત્વ સમજાવતા જીવનમાં પ્રકૃતિમાંથી શીખવા જેવી બાબતો પર માર્ગદર્શન આપ્યું હતું.

તેમજ સાહેબશ્રીએ પણ શિબિરને સફળ બનાવવા સહકાર આપ્યો હતો. કોલેજના આચાર્ય ડો. રમાકાંત પૃષ્ટિએ વિદ્યાર્થીઓને પ્રકૃતિ જાળવણીના વિવિધ પાસાઓ અંગે વિસ્તૃત માર્ગદર્શન આપ્યુંહતું. ઉપાચાર્ય ડો. જયેશ તન્નાએ શિબિરની ઉપયોગિતા અંગે વિદ્યાર્થીઓને પ્રેરણા આપી હતી. યુનિવર્સિટીના પ્રોગ્રામ કો-ઓર્ડિનેટર ધર્મેન્દ્રસિંહ રાઠોડના સંકલન હેઠળ યોજાયેલી આ શિબિરમાં વિદ્યાર્થીઓને NSS ના માધ્યમથી વ્યક્તિત્વ વિકાસ અને ચરિત્ર નિર્માણ માટે પ્રેરિત કરવામાં આવ્યા હતા. તેમણે જણાવ્યું હતું કે NSS દ્વારા રાષ્ટ્રનિર્માણમાં મહત્વપૂર્ણ યોગદાન આપી શકાય છે અને સેવાની સાથે શિસ્ત, સમર્પણ, સત્ય અને ફરજના મૂલ્યોનું સંવર્ધન થાય છે. ત્રણ દિવસ દરમ્યાન વિદ્યાર્થીઓને વનસ્પતિ, જૈવ વિવિધતા, સામાજિક વનીકરણ, વન્યજીવ સંરક્ષણ અને પર્યાવરણ જતન જેવા વિષયો પર તલસ્પર્શી માહિતી આપવામાંઆવી હતી. ગીર ફાઉન્ડેશન દ્વારા વિવિધ ફિલ્ડ ટ્રેનિંગનું આયોજન કરવામાં આવ્યુંહતું.

જેમાં વેટ લેન્ડ વિસ્તાર , સાબરમતી નદી નો કિનારાનો ભાગ તેમજ હરણાવ નદી આસપાસ તાલીમ અપાઈ હતી ઉપરાંત, ૨૬/૩/૨૦૨૬ ના દ્વિતીય દિવસે પોલો ફોરેસ્ટની મુલાકાત દ્વારા વિદ્યાર્થીઓને પ્રાયોગિક જ્ઞાન આપવામાં આવ્યું હતું. શિબિર દરમિયાન પ્રાર્થના, યોગ, ધ્યાન, હળવી કસરત, ટ્રેકિંગ, રમતો અને સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓએ ગીત, કવિતા અને પ્રકૃતિ જાળવણી અંગે સંદેશ આપતી પ્રવૃત્તિઓ દ્વારા સક્રિયભાગ લીધો હતો. વિદ્યાર્થીઓ અનેવાલીઓએ આ શિબિર અંગે હકારાત્મક પ્રતિસાદ આપતા જણાવ્યું હતુંકે આજના મોબાઈલ યુગમાં આવી પ્રકૃતિ આધારિત તાલીમ અત્યંત જરૂરી છે, જે વિદ્યાર્થીઓને પ્રકૃતિ સાથે જોડે છે અને સકારાત્મક અનુભવ આપે છે.

આ સમગ્ર ત્રિદિવસીય શિબિરનું સંપૂર્ણ આયોજન ગીર ફાઉન્ડેશન દ્વારા કરવામાં આવ્યું હતું. તાલીમ પૂર્ણ કરનાર સ્વયંસેવકોને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતા. વિદ્યાર્થીઓએ પોતાના અભિપ્રાયમાં જણાવ્યું હતું કે આ શિબિર તેમના માટે અવિસ્મરણીય અનુભવ રહી અને તેઓ આ જ્ઞાનને સમાજમાં પ્રસરાવશે. આવી પ્રકૃતિ શિબિરો દ્વારા પર્યાવરણ સંરક્ષણ અંગે સમાજમાં જાગૃતિ ફેલાવવાનો મહત્વપૂર્ણ પ્રયાસ કરવામાં આવી રહ્યો છે, જે ભવિષ્યમાં વધુ સકારાત્મક પરિવર્તન લાવશે.

# સ્પેક કૉમર્સ, બાકરોલમાં “પ્રેરણા-વાર્ષિક ઈનામ વિતરણ’’ કાર્યક્રમનું આયોજન કરાયું.

કમલમ્,

તિરૂપતિ ફાઉન્ડેશન ટ્રસ્ટ સંચાલિત સરદાર પટેલ એજ્યુકેશન કેમ્પસ સ્થિત સરદાર પટેલ કોલેજ ઓફ કૉમર્સ, બાકરોલમાં આઈ.કયુ.એ.સી. સેલ અંતર્ગત “પ્રેરણા-વાર્ષિક ઈનામ વિતરણ’’ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો હેતુ વિદ્યાર્થીઓમાં રહેલી સુષુપ્ત શક્તિઓને પ્રોત્સાહન આપવા તેમજ શૈક્ષણિક અને સહ-અભ્યાસિક પ્રવૃત્તિઓમાં ઉત્કૃષ્ટ દેખાવ કરનાર તેજસ્વી સિતારાઓને સન્માનિત કરવાનો હતો. કાર્યક્રમનું આયોજન કૉલેજના આચાર્યશ્રી ડૉ. મેહુલ મિસ્ત્રી, આઈ.કયુ.એ.સી. કો–ઓર્ડીનેટર ડૉ. ધવલ શર્મા, કાર્યક્રમ કો-ઓર્ડિનેટર શ્રીમતી નિકિતા સોનીના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યુંહતું. આ કાર્યક્રમમાં મુખ્ય અતિથી તરીકે ડૉ. કપિલ દવે (એસોસિયેટ પ્રોફેસર, ડાકોર ભવન્સ કૉલેજ) તેમજ શ્રી મુકેશકુમાર મહીડા (સિનિયર શિક્ષક, એમ.એમ. એન્ડ સન્સ હાઈસ્કૂલ, ચિકોદરા) ઉપસ્થિત રહ્યાં હતાં. મુખ્ય અતિથીઓએ પ્રાસંગિક ઉદ્બોધનમાં જણાવ્યું હતું કે, ‘વિદ્યાર્થી અવસ્થામાં શિસ્ત, સાતત્ય અને સખત મહેનત જ ઉજ્જવળ ભવિષ્યની પાયાની જરૂરિયાત છે.’’ આ પ્રસંગે વિવિધ સ્પર્ધાઓમાં વિજેતા થયેલ તેજસ્વી વિદ્યાર્થીઓને મહાનુભાવોના હસ્તે ઈનામ અને પ્રમાણપત્ર આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમનાં સફળ આયોજનબદલ સંસ્થાના સેક્રેટરીશ્રી શીતલ પટેલ તેમજ તમામ ટ્રસ્ટીશ્રીઓ અને સ્પેક મેનેજમેન્ટ દ્વારા શુભેચ્છા પાઠવવામાં આવી હતી.



